**ફો. પ. અ. નં.૨૩૩/૨૦૨૬**

દાખલ તારીખ : ૨૯.૦૫.૨૦૨૬
નોંધ્યા તારીખ : ૨૯.૦૫.૨૦૨૬
નિર્ણય તારીખ : ૦૩.૦૬.૨૦૨૬
મુદત : વર્ષ–૦૦, માસ–૦૦, દિવસ–૦૫

====================================================

**ગીર સોમનાથ જિલ્લાના મહે. એડી. સેશન્સ જજ (શ્રી જે. જે. પંડયા સાહેબ)ની કોર્ટમાં,મુ. વેરાવળ**

====================================================

**ફો. પ. અ. નં.૨૩૩/૨૦૨૬**
**આંક–**

**એજાજ ઉર્ફે નદીમ ભીખુભાઈ રીન બ્લોચ**
ઉ. વ.આ.:૩૨, ધંધો: વેપાર,
રહે.પાણીકોઠા, તા.તાલાળા
જી. ગીર–સોમનાથ
(હાલ : જિલ્લા જેલ, જુનાગઢ) **......અરજદાર**

**વિરૂધ્ધ**

**શ્રી સરકાર** **...... સામાવાળા**

---

અરજદાર તરફે વિ.વ.શ્રી એસ.એસ.પંજા
શ્રી સરકાર તરફે વિ. સરકારી વકિલ શ્રી કે.ડી.વાળા

---

**:: બી. એન. એસ. એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર અરજી....**

**:: જજમેન્ટ ::**

**(૧)** આ કામના અરજદાર/આરોપી તાલાળા પો.સ્ટે.ગુ.રજી.નં. ૧૧૧૮૬૦૦૭૨૦૦૪૩૨/૨૦૨૦ આઈ.પી.સી. કલમ–૩૦૨, ૧૨૦બી, ૩૪૨, ૨૦૧, ૩૪, તથા અનુસૂચિત જનજાતી એક્ટની કલમ–૩(૨)(૫),(સ્પે.એટ્રોસીટી કેસ નં.૦૪/૨૦૨૦ ગુના સબબ જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, તેઓએ હાલની અરજી બી. એન. એસ. એસ. ની કલમ–૪૮૩ અન્વયે દાખલ કરેલ છે.

**(૨)** અરજદારની અરજી સંબંધે સરકારશ્રીને નોટીશ કરવામાં આવતા સરકાર તરફે વિ.પબ્લીક પ્રોસીકયુટર શ્રી જે.ડી.પાઠક હાજર થયેલ છે અને ત.ક.અમલદારશ્રીનુ સોગંદનામુ રજુ કરેલ છે.

(૩) અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી એસ.એસ.પંજાની દલીલ છે કે, છ વર્ષથી જેલમાં છીએ. અમો આ ગુનામાં સંડોવાયેલ હોય એવો કોઇ સીધો પુરાવો નથી. મહત્વના સાક્ષીઓની જુબાની થઇ ગયેલ છે. જેથી સાક્ષી તોડવા ફોડવાનો કે પુરાવા સાથે ચેડા કરવાનો પ્રશ્ન નથી જે પુરાવો રજુ થયેલ છે તે જોતા પણ આરોપી વિરૂધ્ધનુ તહોમત સાબીત થઇ શકે તેમ નથી. આરોપી નં.૧ અને ૩ અને ૫ જામીન ઉપર છે. આરોપી નં.૩ વિરૂધ્ધ જાહેરનામુ પ્રસિધ્ધ  કરવાની કાર્યવાહી ચાલુ છે. કેસનો આખરી નિર્ણય આવતા લાંબો સમય જાય તેમ છે. જેથી જામીન ઉપર મુકત કરવા વિનંતી છે.

(૪) સામાવાળા શ્રી સરકાર તરફે વિદ્વાન પબ્લિક પ્રોસિક્યુટરશ્રી જે.ડી.પાઠકની દલીલ છે કે, આરોપીનો ગંભીર રોલ છે. કેસ ચાલી ગયેલ છે. દલીલના સ્ટેજે છે. આરોપી નં.૩ વિરૂધ્ધ જાહેરનામુ પ્રસિધ્ધ થયેલ છે. આરોપી નં.૩ નાને જામીન ઉપર મુકત કર્યા પછી હાજર રહેતા નથી અને કાયદાનો ગેરલાભ ઉઠાવે છે તેવી રીતે હાલના આરોપીઓ પણ ગેરલાભ ઉઠાવે તેવી શકયતા હોય અરજી  નામંજુર કરવા વિનંતી છે.

(૫) બંને પક્ષકારોના વિ.વ.શ્રીની દલીલ, તપાસ કરનાર અમલદારશ્રીનું સોગંદનામું તથા કેસની હકીકત ધ્યાને લેતા, અરજદાર ઉપર એટ્રોસીટી કેસ નં.૦૪/૨૦૨૦ નો પેન્ડીંગ છે જે હાલ આખરી દલીલના તબકકે છે. આરોપી ગંભીર પ્રકારના ગુનામાં જેલમાં છે. અરજદાર દ્વારા તેર વખત જામીન અરજી કરવામાં આવેલ છે. તમામ અરજીઓ નામંજુર થયેલ છે. અગાઉ જે કારણસર જામીન અરજી નામંજુર કરવામાં આવેલ છે તે કારણોમાં કોઇ ફેરફાર થયેલ નથી. અરજદારના વિ.વ.શ્રીની એવી રજુઆત છે કે, આરોપી નં.૩ નૈષધને જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે અને આરોપી નં.૧ અને ૬ ને પણ જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે જેથી નામદાર સર્વોચ્ચ અદાલતના **રમેશભાઇ બટુભાઇ ડાભી વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૧(૦) જી.એલ.આર. ૧૯૯૯ ના ચૂકાદા** મુજબ પેરીટીનો લાભ આપવા વિનંતી છે. હાલના કામે આરોપી નં.૩ ના જામીન ઉપર મુકત થયા પછી હાજર થયેલ નથી અને તેના કારણે કાર્યવાહી લંબાયેલ છે અને હાલના અરજદારોને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ પણ હાજર ન રહે અને આખરી તબકકે કાર્યવાહી વિલંબમાં મુકાઇ તેમ હોય અરજદાર તરફે જે

ચૂકાદાઓ ઉપર આધાર રાખેલ છે. **(૧) નામદાર સુપ્રિમ કોર્ટ AIR** 2002 **SUPREME COURT** 482 (**Mehmood Mohammed sayeed v.State of Maharashtra**)(૨) 1981 **Bom. C.R.** 193 (**Dr. Dattatreya Samant V. State of Maharashtra**) (૩) **નામદાર ગુજરાત હાઈકોર્ટના Mis. Cri. App. No.** 453/85 (**Somabhai patel V. State of Gujarat**) (૪) **નામદાર સુપ્રિમ કોર્ટ AIR** 1984 **SC BHAGIRATHSINH** (૫) **અનીલકુમાર સમર્થ વિ.સ્ટેટ ઓફ ઓરીસ્સા,** 2002 **CR LG** 1194 (**ORI**) (૬) **સંજયચંદ્રા વિ. સી બી આઈ ૨૦૧૨(૧) એસ એસ સી ૪૦** ના ચૂકાદાઓની હકીકત અને તેમાં ઠરાવેલ સિધ્ધાંત અને હાલના કેસના સંજોગો અને આરોપીનો રોલ વગેરે ધ્યાને લેતા ઉપરોકત ચૂકાદાઓ આરોપીને મદદરૂપ થતા નથી. આરોપીને પેરીટીનો લાભ મળવાપાત્ર છે કે નહી તેનો નિર્ણય પણ અગાઉની જામીન અરજીઓમાં થઇ ગયેલ છે જેથી અરજદારની અરજી મંજુર કરવા યોગ્ય જણાતુ ન હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

**(૧)** અરજદાર/આરોપીની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ- ૪૮૩ મુજબની રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની હાલની અરજી આથી **"નામંજૂર"** કરવામાં આવે છે.

**(૨)** હુકમ મુજબ સબંધિત જેલને યાદી કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૩/૦૬/૨૦૨૫
સ્થળ : વેરાવળ.

**(જીજ્ઞેશ જગદિશચંદ્ર પંડયા)**
એડી. સેશન્સ જજ
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૭૫૬